**અમેરિકાની કમાણી કરીને આવેલા અને બહુ મોંઘા પેકિનીઝ કૂતરાને પાળનારા તારક દેસાઈનું આ કૂતરું અચાનક અનાથ બની જાય છે. બે-એક દિવસથી બંધ તારકના ઘરમાં પોલીસ પ્રવેશતાં એના પલંગ પર લાશ મળે છે, જે તારકની નથી! એ લાશને વળી એની બહેન ઓળખે છે, પણ એને તારક સાથેના એના સંબંધની ખબર નથી...**

**એણે પહોળા બુશ શર્ટ નીચે કરોડરજ્જુના દર્દી પહેરે છે એવો પહોળો પટ્ટો પહેરેલો મળી આવ્યો. અજયની સૂચનાથી પટ્ટાના ટાંકા ખોલવામાં આવ્યા, અંદરથી મોટી કિંમતની કડકડતી નવી ચલણી નોટો મળી, પૂરા ત્રણ લાખ રૂપિયા હતા**

# એ તો તારો દોસ્ત છે, એટલે એને આવકારું છું

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

**પરદેશી!-4**

ગુનાશોધકો પેલા પારકે ઘેર મૃત મળી આવેલા યુવાનની બહેનને ઘેર પહોંચ્યા. એમણે એને પૂછ્યું, 'માલતીબેન, તમને ખાતરી છે કે સિવિલમાં મોર્ગમાં જે છે તે તમારા ભાઈ છે?'

'હા, જી,' માલતીએ સ્વીકાર્યું.

'શું નામ એમનું?'

'મનહર.'

'તમે છેલ્લે ક્યારે મળેલાં?'

'છ-એક મહિના પહેલાં- એ અમારે ઘેર આવેલો.... એટલે કે મારે સાસરે.'

'મનહરભાઈનો વ્યવસાય શો હતો?'

'ખબર નથી.'

'ખબર નથી?' અજયને આશ્ચર્ય થયું. 'સગા ભાઈ શું કામકાજ કરતા હતા એની તમને ખબર નથી?'

'નવ-દસ વરસ પહેલાં મારાં લગ્ન થઈ ગયાં, સાહેબ. પછી મારા બાપા પણ પાછા થયા. પછી મારે પિયર જવાનું બહુ બનતું નહિ. મનહર પણ ખાસ ઘેર રહેતો નહિ. દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ... મોટાં શહેરોમાં ફર્યા કરતો. બે-એક વાર તો પિયરનો ધરમધક્કો ખાઈને હું પાછી આવી. પછી મેં પિયર જવાનું જ બંધ કર્યું. ખાલી એ કદીક અમારા ઘેર આવી જતો.'

'એમણે કદી તારક દેસાઈનું નામ દીધેલું? તારકભાઈ?'

'ના. એના મોંએ આવું નામ તો કદી સાંભળ્યું નથી.'

'અચ્છા, એક બીજું નામ- વિવેક લશ્કરી... એ નામ કદી બોલેલા ખરા?'

'વિવેક... લશ્કરી... હા, લશ્કરી... એ નામ એ બોલેલો ખરો.'

'શા સંબંધે?'

'બે-એક વરસ અગાઉ મનહર મને અકસ્માત જ શહેરમાં ગાંધી રોડ પર મળી ગયેલો. ત્યારે એની સાથે આ માણસ હતો. ખૂબ જ દેખાવડો... એનું નામ મનહર બોલેલો.... હા, વિવેક લશ્કરી.'

'પછી?'

'પછી તો,' માલતી જરાક ક્ષોભ પામી. 'હવે તો એ વાત જૂની થઈ ગઈ... ભૂલાઈ ગઈ છે. વિવેક બે-ચાર વાર મારે ઘેર ચા-પાણી પીવા આવેલો... મારા હસબન્ડને કે મનહરને ખબર નહોતી... મારા તરફ એને... લાગણી થયેલી. પણ પછી મનહરને ખબર પડી ગઈ કે એ મને મળવા આવે છે. એ ગુસ્સે થઈ ગયો. કહે કે વિવેક ભયંકર માણસ છે. એને રવાડે ન ચડીશ. મેં કહ્યું કે હું કંઈ એને રવાડે નથી ચડી. તારો દોસ્ત છે એટલે કદીક મારે ઘેર ચા-પાણી માટે આવકારું છું. મનહર કહે કે હવે આવકારીશ નહિ. મનહરે એને પણ મનાઈ કરી દીધી હશે. થોડાક મહિનાથી એ કે મનહર આવ્યા નહોતા.'

'આ પરથી તો લાગે છે કે મનહરભાઈ સાથેના તમારા સંબંધની વાત તમે અગાઉ કરી એના કરતાં જુદી છે. તમે ભાઈ-બહેન સતત મળતા રહ્યા છો?' દિનકરે આરોપ મૂક્યો.

'નહિ સાહેબ. ગયા દસ વરસમાં માંડ છ-સાત વાર.'

'અચ્છા, હવે વિવેક લશ્કરીનું સરનામું આપો.'

'મને ખબર નથી.'

'શી વાત કરો છો! જે માણસ તમને ગમી ગયેલો... હસબન્ડથી ગુપચુપ જેને મળતાં...'

'હું ખોટું નથી બોલતી, સાહેબ. એ મારે ઘેર આવતો, હું એને ત્યાં કદી ગઈ નથી... હવે લાગે છે કે ભાઈની વાત સાચી હતી. એ માણસ...'

'પણ માલતી આટલું બોલીને અટકી ગઈ. જે પુરુષને એક વાર ચાહ્યો હોય, એ પછીથી નબળો સાબિત થાય ત્યારે સ્ત્રીનો ક્ષોભ અતિ તીવ્ર હોય છે. અજય અને દિનકરે એ બાપડીને એના ભાઈનું શબ અંતિમ સંસ્કાર માટે જલદી મળે એવી ભલામણ કરી.

પછી બધી ટેકનોલોજી અજમાવીને એમણે વિવેક લશ્કરીને શોધી કાઢ્યો. એનું રહેઠાણ શોધી કાઢ્યું. જઈને બારણે ટકોરા માર્યા.

બારણું ખોલનાર આદમી ત્રીસની આસપાસનો હતો. ગાલ પડતી હડપચી, સપ્રમાણ ચહેરો, ઘેરા વાંકડિયા વાળ, તગતગતી ત્વચા.... માલતી એ આ માણસને સોહામણો માન્યો હોય તો એનો વાંક નહોતો.



'તમારું નામ વિવેક લશ્કરી છે?' દિનકરને કોઈના સોહામણાપણાને જોતાં વખત બગાડવાની આદત નહોતી.

'હા, જી,' પેલાએ પ્રશ્નસૂચક નજર માંડી.

'અમે પોલીસવાળા છીએ,' દિનકરે પોતાનો ઓળખપત્ર વિવેકની સામે ધરતાં જણાવ્યું.

'અંહં... અંહં...' વિવેકે માથું ધુણાવતા ઉચ્ચાર્યું. 'આવો, આવો, અંદર આવીને બેસો. અંદર આવતા રહો. શરીફને આંગણે પોલીસ મળવા આવે તો ય પડોશીઓને કહેણું થાય છે.'

બંને ગુનાશોધકોને મકાનની અંદર લઈને વિવેકે બારણું બંધ કરી દીધું. અજયે અંદર આવીને જોયું કે બેઠકરૂમ મધ્યમ છે. વિવેકે આગંતુકોને સોફા પર બેસાડ્યા. પોતે અંદરના રૂમમાં જઈને પાણી લઈ આવ્યો. એ પાણીનો ઇનકાર કરતાં અજયે લાગલો જ સવાલ ફેંક્યો, 'તમે તારક દેસાઈને ઓળખો છો?'

'તારક?... તારક દેસાઈ...' નહિ તો! હું કોઈ તારક દેસાઈને ઓળખતો નથી.'

'એમ કે? ત્યારે મનહરભાઈને ઓળખો છો?'

વિવેક ઘડીભર અબોલ બની ગયો. એના સખત ચહેરા પર ઘડીકને માટે કોમળ ભાવ ફરી વળ્યા. અજય સમજી ગયો! એ માલતીને યાદ કરતો હતો! જો કે એ ઝટ સાવધ બની ગયો.

'હા, જી, મનહરની મને ઓળખાણ ખરી,' એને કબૂલ્યું.

'તમે એને છેલ્લે ક્યારે મળ્યા?'

'અં... ગયે અઠવાડિયે.... મંગળ... ના, સોમવારે. હા, સવારના લગભગ દસ વાગે એ અહીં આવેલો. કહે કે હું ગાંધીનગર તરફ જાઉં છું. આવવું છે? મેં કહ્યું કે મારી પાસે વખત નથી. અમે ચા-પાણી પીધાં. અને પછી એ પોતાની સુઝુકીની ગાડી લઈ જતો રહ્યો.'

'એ પછી તમે એને મળ્યા નથી, બરાબર?'

'જી, હા.'

'એની સાથે તમારે શો સંબંધ હતો? કશા ધંધામાં ભાગીદાર હતા?'

'ધંધામાં? ના, રે! એ શો ધંધો કરે છે એની પણ મને ખબર નહોતી.'

'અચ્છા, અને તમારો ધંધો શો છે?'

'હું કોમ્પ્યુટર એન્જિનિયર છું. હમણાં કામ નથી. પણ થોડા દિવસમાં દુબઈ જવાનો છું.'

'અમારે તમારા ઘરની તલાશી લેવી પડશે. અમારી પાસે વોરંટ છે.'

'તલાશી? કેમ?' વિવેક વિરોધપોકાર કરી ઊઠ્યો.

પરંતુ એને જવાબ આપવાની પણ રાહ જોયા વગર, બે કોન્સ્ટેબલોને એની આજુબાજુ ગોઠવાઈ જવાનો ઈશારો કરીને અજય તથા દિનકરે એના રહેઠાણની તલાશી શરૂ કરી. ઘણી ઘણી ખોળંખોળને અંતે પણ વિવેકના ઘરમાંથી તારક સાથે એને સાંકળે એવું કશું મળતું ન જણાયું. અહીં પિસ્તોલ-કારતૂસ નહોતાં. તારક-મનહર સાથે સાંકળતો કશો પત્રવ્યવહાર ન મળ્યો. ટેબલના ખાનામાં સાધારણ સ્ટેશનરી હતી. પેન, પેન્સિલ, કાર્બન પેન, આછી લીલી લીટીવાળા નાના ચિઠ્ઠી પેડ, પોસ્ટકાર્ડ, કપ, પિનકૂશન, સ્ટેપલર, પરચૂરણ સિક્કા... દિનકરે એના બેડરૂમને પણ ઉપરતળે કરી નાખ્યો. ત્યાંથી પણ એ ખાલી હાથે જ નીકળ્યો.

એટલે વિવેક લશ્કરીએ મજાકમાં હસતાં કહ્યું, 'હવે સંતોષ થયો, ડિટેક્ટિવ સાહેબો? હવે જરા કહેશો કે આ નાટક શાનું છે?'

'આ નાટક નથી, વિવેકભાઈ,' અજયે દાંત ભીંસ્યા. 'તારક દેસાઈના ઘરમાંથી મનહરની લાશ મળી છે અને તારક દેસાઈ પોતે ગુમ છે... ખેર? હવે તમારા અંગની જડતી લેવી પડશે, દિનકર?'

વિવેકને અંગ જડતી ગમી નહિ. એ વિરોધ કરતો રહ્યો. પણ એણે પહોળા બુશ શર્ટ નીચે કરોડરજ્જુના દર્દી પહેરે છે એવો પહોળો પટ્ટો પહેરેલો મળી આવ્યો. અજયની સૂચનાથી પટ્ટાના ટાંકા ખોલવામાં આવ્યા. અંદરથી મોટી કિંમતની કડકડતી નવી ચલણી નોટો મળી. પૂરા ત્રણ લાખ રૂપિયા હતા.

'તમે કહ્યું કે હું બેકાર છું, વિવેકકુમાર,' અજયે ગુસ્સાથી કહ્યું. 'તો આટલી મોટી રકમ શાની?'

વિવેક પાસે આ પ્રશ્નનો ત્વરિત ઉત્તર નહોતો, પણ અજય પાસે હતો. એણે કહ્યું, 'પોલીસ તમારા પર થર્ડ ડિગ્રી અજમાવે ત્યારે તો બધું સાચું બોલવું પડશે. પણ શું થયું છે તે હું અત્યારથી કહી શકું એમ છું. પેલો મનહર તમારો ભાગીદાર હતો, અને તારકભાઈની અમેરિકાની કમાણી પર તમારો ડોળો હતો. તમે લોકોએ કોઈક બહાને તારકભાઈને બેન્કમાંથી લાખો રૂપિયા ઉપાડવા સમજાવ્યા. પછી તમારી દાનત બગડી. તમે બંનેનું ખૂન કર્યું. મનહરની લાશ તારક દેસાઈના ઘરમાં રાખી દીધી. જેથી પોલીસને તારકભાઈ પર શંકા પડે? પોલીસ એમને પકડવા દોડાદોડી કરે. પણ તારકભાઈને... એમની લાશને તમે મનહરની મોટરગાડી સહિત ક્યાંક ડુબાડી દીધી?'

'અને તારકભાઈનો બિચારો પેકિનીઝ કૂતરો અનાથ બની ગયો?'

અજયને શબ્દે શબ્દે વિવેકનો ચહેરો ઝાંખો પડતો જતો હતો. આખરે એ કાળો ધબ થઈ ગયો. એક ખુરશી પર બેસી પડ્યો. અજયે આગળ પૂછ્યું, 'તારકભાઈને ક્યાં નાખ્યા છે?'

વિવેકે ઢીલા અવાજે કહ્યું, 'ધરોઈ ડેમમાં- કાર સહિત.'

બસ એ પછી એ અબોલ બની ગયો.

વિવેકની ધરપકડ કરી લેવાઈ. ધરોઈ ડેમમાંથી તારકની લાશ મળી. ગજવામાંથી ચાર લાખ ઉપાડ્યાની કાઉન્ટર ફોઈલ મળી. અજય બોલ્યો, 'આપણે જરાક મોડા પડ્યા હોત તો વિવેક દુબઈ પહોંચી જાત.'

'પણ એના પર તને શંકા ક્યારે પડી, અજય?' દિનકર અહોભાવપૂર્વક બોલ્યો.

**(વાચક મિત્રો! દિનકરના પ્રશ્નનો જવાબ વાર્તામાં જ વણાઇ ગયો છે. આપણી રહસ્યકથાઓની ખૂબી જ એ છે. તર્કશક્તિથી એ જવાબ શોધવાનો હોય છે. શોધો. પછી અમારા ઉકેલ સાથે સરખાવજો.)**